માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રામમય બનેલા દિવ્ય વાતાવરણમાં આ લોકશાહીના મંદિરના સૌ માનનીય સભ્યોને મારા હૃદયથી જય સીયારામ

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતના મહામહિમ રાજ્યપાલ આદરણીય શ્રી આચાર્ય દેવવ્રત જી ના આ ગૃહને આશીર્વાદ અને માર્ગદર્શન સાથે ગુજરાતના વિકાસની ખુબ સમૃદ્ધિ કેડી પર વિકસિત ગુજરાતના સંકલ્પનું આહવાન કર્યું છે

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતના પનોતા પુત્ર પરમ શ્રદ્ધેય યશસ્વી ,તેજસ્વી ,ઓજસ્વી અને તપસ્વી એવા વિશ્વ નેતા ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ દ્વારા બે દાયકા પહેલા ગુજરાતને ભારત દેશનું એક મોડલ સ્ટેટ બનાવવાનો પાયો નાખ્યો ત્યારથી ગુજરાત વિશ્વના સમૃદ્ધ દેશોના સમૃદ્ધ રાજ્યોની બરાબરોથી પણ આગળ વધવાની નેમ સાથે આજે ગુજરાતના મૃદુ મક્કમ અને ખૂબ જ આયોજનબદ્ધ રીતે કામ કરતા અમારા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં રોકેટ ગતિથી ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે

માનનીય અધ્યક્ષ શ્રી

ભારત દેશ આજે અમૃતકાળ માંથી પસાર થઈ રહ્યો છે ભારત જ્યારે 2047 માં શતાબ્દી પૂરી કરશે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના લક્ષ્યાંકથી ભારત દેશ વિશ્વનો સૌથી પ્રગતિશીલ સમૃદ્ધ દેશ બનશે ત્યારે માનનીય અધ્યક્ષ શ્રી ગુજરાત પણ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળ ભારતનું સર્વશ્રેષ્ઠ રાજય બને તે દિશામાં હરણફાળ ભરી રહ્યું છે

માનનીય અધ્યક્ષશ્રી

ભારત દેશના પહેલા ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબ ની કર્મભૂમિ શ્વેત નગરી મિલ્ક સીટી અને ચરોતરનું ઘરેણું એવા આણંદ વિધાનસભા મતવિસ્તારમાંથી મને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે કામ કરવાનું સૌભાગ્ય મળ્યું છે

માનનીય અધ્યક્ષશ્રી

આજે આ વિધાનસભા ગૃહમાં હું આણંદ શહેર જે છેલ્લા 135 વર્ષથી નગરપાલિકા દ્વારા પ્રજાની સેવા કરે છે તેને "મહા વિકાસની " દિશામાં લઈ જવા માટે અમારા માનનીય મુખ્યમંત્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે આજ સત્રમાં આણંદ નગરપાલિકાને

“મહાનગરપાલિકા”બનાવવાનો જે આણંદના પ્રજાજનો માટે ઐતિહાસિક નિર્ણય લીધો છે તેના માટે માનનીય અધ્યક્ષ સાહેબ હું આણંદના વિધાનસભા મતવિસ્તારના જનસેવક તરીકે માનનીય મુખ્યમંત્રી શ્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ માનનીય સીઆર પાટીલ સાહેબનો માનનીય નાણામંત્રી કનુભાઈ દેસાઈ સાહેબનો આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબનો તથા ગુજરાત સરકારના તમામ માનનીય મંત્રીશ્રીઓનો આણંદ વિધાનસભાના મતવિસ્તારના તમામ પ્રજાજનો વતી ખૂબ ખૂબ આભાર મારી હૃદયથી અભિવાદન કરું છું

માનનીય અધ્યક્ષશ્રી

આપણા બે ભક્ત કવિઓ નરસિંહ મહેતા અને દયારામે વ્રજની વહાલપ છોડી વૈકુંઠ જવાનું ઠુકરાવતા પદો લખ્યા છે “વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું “ એમ કહે છે ત્યારે વ્રજ એ ગ્રામનિવાસ છે જયારે વૈકુંઠ એ શહેરી નિવાસ  છે .ગામડું આપણા વડાપ્રધાન શ્રી મોદી સાહેબનું પણ ગમતું એકમ છે ભારત ગામડાઓમાં વસે છે એવું દ્રઢપણે માનતા મોદી સાહેબ ગ્રામીણ વિકાસ માટે ખૂબ જ વિશાળ આયોજન કરી રહ્યા છે
માનનીય અધ્યક્ષશ્રી

ગુજરાત ઔદ્યોગીકરણ અને આધુનિક વેપાર વિસ્તારમાં દેશના રાજ્યોમાં અગ્રેસર છે ઉદ્યોગો અને વાણિજ્ય પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં વિપુલ છે એટલે રોજગાર વ્યવસાયની પુષ્કળ તકો શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ હોવાથી ગ્રામીણ વિસ્તારોમાંથી રાજ્યના શહેરોમાં સ્થળાંતર થઈ રહ્યું છે ગુજરાત દેશનું સૌથી વધુ શહેરીકરણ ધરાવતું રાજ્ય છે

માનનીય અધ્યક્ષશ્રી
 બે દાયકા પહેલાના ગુજરાતના શહેરો અને ભારતીય જનતા પાર્ટીના શાસન હેઠળના આજના ગુજરાત રાજ્યના શહેરોનો તફાવત આભ જમીનનો જણાઈ આવે છે . ગુજરાતના શહેરોમાં ફરતી વિશ્વ કક્ષાની મેટ્રો ટ્રેન, વિશ્વની અનોખી બીઆરટીએસ ડિઝાઇન ધરાવતી નોન પોલ્યુટેડ ઇલેટ્રિક એર કન્ડિશન સુવિધા વાળી બસો,૨ થી લઇ ૮ માર્ગીય અસંખ્ય ઓવરબ્રિજો, ચોખા ચણાક એરપોર્ટ જેવા લાગતા બસ સ્ટેન્ડો , કોર્પોરેટ લેવલના સુવિધાસભર સરકારી સેવાસદનો ,આરોગ્ય ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ સારવાર આપી વિશ્વકક્ષાની હોસ્પિટલો ચોખાચણાક વિશાળ રસ્તાઓ , પર્યાવરણની જાળવણી માટે ગ્રીન ગુજરાત હેઠળ શહેરોમાં જનભાગીદારીથી કરોડો વૃક્ષોનું વાવેતરથી આપણું ગુજરાત દરેક જિલ્લાના શહેરોનો વિકાસથી જાજરમાન બની રહ્યું છે

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની વિકાસલક્ષી સરકાર આઝાદીના અમૃતકાળથી શતાબ્દી વર્ષના વિકાસ માટે એક દીર્ઘદ્રષ્ટિ પૂર્ણ ૨૦૪૭ સુધીમાં ભારત વિકાસનો સંકલ્પ આપ્યો છે એની પરિપૂર્ણતા માટે ગુજરાતના શહેરોના માટે “સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી યોજના” હેઠળ શહેરોની ભૌતિક અને સામાજિક આંતરમાળખી સુવિધાઓ માટે , શહેરોના પરિવહન માટે ,શહેરોની  એક આગવી ઓળખ ઊભી થાય ,શહેરોમાં રહેતા પ્રજાજનો ને સુખાકારી સાથે સલામતી વધે તે માટે સતત કાર્યશીલ રહે છે .વર્ષ 2023-24માં આજ સુધી રૂપિયા 5000 કરોડથી વધુ રકમના ખર્ચે ગુજરાત સરકારે 1500 થી વધુ પ્રકલ્પો  પૂર્ણ કરેલ છે

માનનીય અધ્યક્ષશ્રી

ગુજરાતી એટલે વિશ્વનો શ્રેષ્ઠ વેપારી ...ગુજરાતનો વેપારી વિશ્વના કોઈપણ દેશમાં  પોતાની  હાજરી ના પુરાવે તેવું બને જ નહીં ...
માનનીય અધ્યક્ષ શ્રી

આપણું ગુજરાત વેપાર કરવામાં પાછળ રહી જાય તેવું બને જ નહીં ગુજરાત રાજ્યમાં આ ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે વર્ષો પહેલા ગુજરાતમાં ગિફ્ટ સિટીની રચનાને  વિરાટ ઓપ આપી વિશ્વકક્ષાનું નાણાકીય કેન્દ્ર બને તે માટે સ્થાપના કરી અને આજે ગુજરાતની ગિફ્ટ સિટી વિશ્વનું એક અનોખું બિઝનેસ સેન્ટર બનેલ છે મને કહેતા આનંદ થાય છે કે આજે ગિફ્ટ સિટીમાં ઇન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જ , બુલિયન એક્સચેન્જ ,ઇન્ટરનેશનલ બેંકો ,જાહેર ક્ષેત્ર તથા સ્થાનિક ખાનગી ક્ષેત્રની બેંકો ઇન્સ્યોરન્સ કંપનીઓ ગ્લોબલ ફંડ સાથે શિક્ષણ ક્ષેત્રે વિદેશી યુનિવર્સિટીના બ્રાન્ચ કેમ્પસ સફળતાપૂર્વક કામ કરી રહ્યા છે

માનનીય અધ્યક્ષ શ્રી

આપણે ગૌરવ કરી શકીએ કે ગિફ્ટ સિટીમાં આજ દિન સુધી 431 મિલિયન ડોલરનું નાણાકીય વ્યવહાર થયા છે નાણાકીય ૨૩/૨૪ ના વર્ષમાં રૂપિયા 19,317 કરોડથી વધુ રકમની નિકાસ ગિફ્ટ સિટીના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સેઝ દ્વારા થયેલ છે

માનનીય અધ્યક્ષ શ્રી

શહેરીકરણ સાથે જો યોગ્ય વિકાસ પ્રક્રિયા ન જોડાય તો શહેરી વિકાસ ન થઈ શકે .શહેરીકરણ નાગરિકો માટે નિવાસ સમસ્યા ઊભી કરે છે આ નિવાસ સમસ્યા ઝૂંપડપટ્ટીઓની વિસ્તારે છે આવું ન થાય શહેરમાં લોકોને મકાન વિહોણા ન રહે એ માટે ગુજરાત સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ચાલુ વર્ષે 71 હજારથી વધારો આવાસો બનાવી ઘરનું ઘર આપેલ છે પીએમએવાય યોજના સીએલએસ યોજના એ એચપી , બીએલસી તથા હાઉસિંગ બોર્ડની રીડેવલોપમેન્ટ એમ વિવિધ યોજનાઓ અંતર્ગત શહેરમાં ઘર વિના કોઈ ન રહે તે માટે ગુજરાત ની સંવેદનશીલ  સરકાર સતત પ્રયત્નશીલ છે શહેરી વિકાસ લાંબા સમય માટે હોય તો આદર્શ ગણાય એવા શહેરી વિકાસ માટે ગુજરાત સરકાર માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં વિવિધ યોજનાઓ હેઠળ બે લાખથી પણ વધુ આવાસો બનાવીને લોકોને સુખાકારી સાથે સમૃદ્ધિ આપેલ છે

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતના શહેરો વિશ્વ નેતા અને ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના “સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા” ના મંત્ર સાથે સ્વચ્છ ભારતના મહાયજ્ઞમાં જોડાઈને ગુજરાત રાજ્યની લગભગ 165 જેટલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ઘન કચરાનું ૧૦૦% ટકા ડોર ટુ ડોર કલેક્શન કરે છે આ પ્રતિદિન લગભગ 10,000 મેટ્રિક ટન થી વધુ કચરો અગાઉ પહાડ ખડકી દેવામાં આવતા હતા તેની જગ્યાએ તેનું પ્રોસેસિંગ કરી નિકાલ કરવામાં આવે છે

માનનીય અધ્યક્ષ શ્રી

ભારત સરકારના આવાસન અને શેરી મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધામાં ગુજરાતના સુરત શહેરને સૌથી સ્વચ્છ શહેરનો સેવન સ્ટાર રેટિંગ સાથે એવોર્ડ મળેલ છે જે આપણા સૌ માટે ગૌરવનો વિષય છે

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતના શહેરોના  પ્રજાજનો સ્વાવલંબી બને પોતાની રોજગારી જાતે ઊભી કરે તે માટે ગુજરાતના મૃદુ મુખ્યમંત્રી શ્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ દ્વારા ખૂબ સંવેદનશીલ નિર્ણય કરી શહેરોના શાકભાજીવાળા ,ફેરિયાઓ રેકડીયો વાળા પોતાની રોજીરોટી મેળવી શકે તે માટે ફક્ત અને ફક્ત મોદી ગેરંટી વાળી પીએમ નિધિ યોજના હેઠળ 4,25,000 થી વધુ શેરી ફેરીયાઓને લોન સહાય આપી સ્વમાનભેર સ્વાવલંબી બનાવી  એમના વિકાસ દ્વારા શહેરના વિકાસને સાધવા સરકાર કટિબદ્ધ છે

માનનીય અધ્યક્ષ શ્રી

ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર વધતા શહેરી કરણથી વાકેફ જ નહીં એ બાબતે સચેત  પણ છે શહેરો માત્ર વસ્તીની સંખ્યાથી જ મોટા થાય તો અનેક સમસ્યાઓ સર્જાય તેથી શહેરોનો સર્વતોમુખી અને સર્વસમાવેશક  વિકાસ થાય એ માટે સરકાર સતત કાર્યરત રહે છે ..ગુજરાતના શહેરો એટલે સુવિધા સભર ...સલામતી સભર...સુખાકારીસભર.. સ્વમાનસભર બનવા જઈ રહ્યા છે ત્યારે ઉત્તરોત્તર વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં તેની ગણના  થઈને જ રહેશે તેઓ મને પાકો વિશ્વાસ છે
ભારત માતાકી જય
જય ગરવી ગુજરાત
જય શ્રી રામ